Barcode - 99999990868358
Title - Pir Hasan Kabirdin Ane Kanipa Jogi No Samvad
Subject - GENERALITIES
Author -
Language - gujarati
Pages - 26
Publication Year - 0
Creator - Fast DLI Downloader
https://github.com/cancerian0684/dli-downloader
Barcode EAN.UCC-13
9 999999 086835

गूजरात विद्यापीठ ग्रंथालय
[ गुजराती कॉपीराअिट विभाग ]
अनुक्रमांक १७०२५ वर्गांक
पुस्तकनुं नाम २०।५।८
विषय ५७२६:५२

પીર હસન કબીરદીન અને કાનીપા જોગીનો

# સંવાદ.

આવૃતી પહેલી. [ગુજરાતીમાં.] નકલ ૫૦૦.

પ્રગટ કરનાર,


## મુખી લાલજીભાઈ દેવરાજ.

ધી ખોજા સિંધી છાપખાનું.

૧૧૩, પાલખી મહોલા,

મુંબઈ નં. ૯.



**ALL RIGHTS RESERVED**



આ બુક મેનેજર વલીભાઈ નાનજીએ ધી "ખોજા સીંધી પ્રીન્ટીંગ પ્રેસ ૧૧૩ પાલખી મહોલા મુંબઇ નં. ૯" માં મુખી લાલજીભાઈ દેવરાજ માટે છાપી અને મુખી લાલજીભાઇ દેવરાજે ધી "ખોજા સીંધી પ્રીં. પ્રેસ ૧૧૩ પાલખી મહોલા મુંબઇ નં. ૯" માં પ્રગટ કરી.

સંવત ૧૯૭૭. તા. ૧૮-૮-૧૯૨૧.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
૧૦૦૨

# પ્રસતાવના.

આ પુસ્તકના રચનાર **પીર હુસન કબીરદીન** શીયા ઇમામી ઇસમાઇલી ખોજા કોમની દુઆમાં પીરોની પુંઠી ૨૭માં નંબરે આવેછે. પીર હુસન કબીરદીન તે પીર સદરદીનના ફરજન્દ થાય. જ્યારે પીર હુસન કબીરદીન નાની ઉમરના હતા, ત્યારે પીર સદરદીન દરખાને તે વખતના ઇમામ શ્રી એસલામશાહના દીદાર અર્થે જવા તઇયાર થયા, એટલે પીર હુસન કબીરદીને સાથે આવવા માંગણી કરી, પણ પીર સદરદીને તેમની નાની ઉમર જોઇ કહ્યું કે—" તમારી નાની ઉમર છે. " આ ઉપરથી પીર હુસન કબીરદીન નાસીપાસ થયા. કારણકે ઇમામે ઝમાનની મહોબતે તેમના દીલમાં ઘર કર્યું હતું અને તેમના દીદાર કરવાની તેમને ઘણીજ આંકાક્ષા હતી.

પીર સદરદીન દરખાને જવા રવાના થયા ત્યારે પીર હુસન કબીરદીન પણ ઇમામની મહોબતના જોશને આધારે નાની ઉમર હોવા છતાં ચાલી નીકળ્યાં. રસ્તામાં ચાલતાં ચાલતાં આકડામાં જે આકોલીયા થાય છે અને સુકાતાં તેમાંથી રેશમ જેવું રૂ નીકળે છે તે એકઠું કરી તેને હાથે કાંતી તેની પાઘડી ગુંથી અને તેને નવ પ્રકારના છુગા મુકયા. આ બાહ્ય પાઘડી સાથે મહોબતની પાઘડી ગુંથી અને તેના ઉપર ઇમામની ઓળખાણ અને ભેદના પાઠો લખ્યા જે " **અનત અખાડો** " નામે ગ્રંથ ગણાય છે. નવ છોગા તરીકે ગ્રંથ પણ " **નવ છુગા** " નામે હાલમાં મોજુદ છે. એ પ્રમાણે તેઓ લગભગ ૭ માસે તે વખતન ઇમામ શ્રી એસલામશાહની હજુરમાં પહોંચ્યા અને ઉપર મુજબ તઇયાર કરેલ પાઘડી આગળ ધરી. ઇમામ ઘણાજ પ્રસન્ન થયા અને તેજ પાઘડી તેમને અરપણ કરી અનત કરોડના ગુ સ્થાપ્યા વાને ફજતાર વેળાના ગુરુ તરીકે ગણાવાનું માન બક્ષ્યું. આ પ્રમાણે પીર હુસ કબીરદીનને ઘણીજ નાની ઉમરમાં ઇમામે પીરનો હોદો બક્ષ્યો.

આ તરફ પીર સદરદીન દરખાને આવવા નીકળ્યા, પણ રસ્તામાં તેઓને લોઢાની બીં થઇ ગઇ, જેનો વાસ્તવીક અર્થ એજ ગણી શકાય કે તેઓ બંદગીમાં ઇમામે ઝમાનન હમેસાં દીદાર મેળવી શકતા હતા તે બંધ થયા અને તેથી તેઓ આગળ ચાલી શકયા નહિ કારણકે મહેબુબના દીદાર વીના તેઓ એક પણ પગલું આગળ ભરવા અશક્ત હત તેથી આ સ્થળે તેઓ અટકી પડયા, એટલેકે મહેબુબના દીદાર વીના તેઓ એક પ

પગલુ આગળ ચાલી શક્યા નહિ તેથીજ આ સ્થળે તેઓ અટકી પડ્યા એટલેકે રસ્તા આડે તેમને મન એક વજ્ર જેવી ભીંત જણાઇ.

૭ માસ સુધી અનેક પ્રકારે ગીરીયા જારી કરી. તેઓ સમજી શક્યા કે તેઓએ એક આશકને મઆશુકના દીદારથી મહેરૂમ રાખવા જેવો ગુન્હો નાની ઉમર જેવા બહાના હેઠળ કર્યો હતો અને આમાં તેમને પોતાની તકબ્બુરી જણાતી હતી, તેઓ મહા ગ્નાની હતા. લેશ પણ તકબ્બુરી કેવી ભયંકર આફત લાવે છે તે તેમને ભાન થયું. ૭ માસની અખંડ બન્દગી અને ગીરીયાઝારીએ તે ભીત પીગળાવી નાખી યાને તેમના દીલ ઉપરનો પરદો દુર થયો અને ઇમામના નુરી દરશન થયા. તેમનો રસ્તો સાફ થયો અને આગળ વધ્યા, અને દરખાને પહોંચ્યા.

દરખાને આવી જુએ છે તો ઇમામની હજુરમાં પીર હસન કબીરદીનને જોયા. ઇમામના આગળ એક બાળક અને વૃદ્ધ સરખાં છે અને તેમની નજરમાં ફક્ત મહોબતનીજ ગણતરી છે એમ જણાયું.

એ મુજબ પીર હસન કબીરદીન પીર સદરદીન બાદ પીર તરીકે નીમાયા તેમની નાની ઉમરમાં કાનીપા જોગીનો મેળાપ થયો, એમ આ પુસ્તક વાંચનાર કબુલ કરશે. પીરની નાની ઉમર હોવા છતાં તેમના બોલે બોલમાં શુધ બ્રહ્મજ્ઞાનનો ભાસ થાય છે.

કેટલાએક લોકોને એ શંકા થવાનું કારણ મળે છે કે તે પ્રસંગે કાનીપો જોગી ક્યાં હયાત હોય? પણ આ વાત તો કથાઓ અને પુરાણોમાંથી મળી આવે છે કે રાજા ગોપીચંદની બેઅદબીની ક્ષમા અપાવવા કાનીપા ગોગીએ પોતાના ગુરુ નાથ મછન્દર આગળ ગોપીચદને નમન કરી માફી માંગવા સુચના કરી હતી પણ રાજા ગોપીચંદ સારી રીતે જાણતો હતો કે તેણે ગુરુને આપેલ અસહ્ય દુઃખથી મહાત્મા અત્યંત ક્રોધે ભરાયા હતા અને તેમના ક્રોધની જવાળા આખી જગતને નાશ કરી શકવાને શક્તિવાન હતી. રાજા ગોપીચંદે પોતાનો ભય જણાવ્યો. યોગી કાનીપાને આમાં સત્ય જણાયું અને તેથી રાજા ગોપીચંદના ત્રણ પુતળા બનાવી એક પછી એક નમન કરાવવા કહ્યું, રાજા ગોપીચંદના ત્રણ પુતળાં બનાવવામાં આવ્યા, કાનીપા જોગીએ પોતાના ગુરૂને કહ્યું "મહારાજ, ગોપીચંદ નમન કરતા હય!" મહાત્માએ બંધ આંખે રાખીનેજ ગુસ્સામાં જવાબ આપ્યો, "જલ જાઓ?" ગોપીચંદનું પુતલું બળી ખાખ થયુ. એ મુજબ બીજા બે પુતળાં પણ બળી ખાખ થયા, મહાતમા પુરૂષોના ત્રણ વચનોજ હોય છે. ત્રણ વચનોમાં ગોપીચંદ

આઝી પામી શકયો નહિ. હવે કાનીપાએ છેલ્લા ઉપાય તરીકે ગોપીચંદ ખુદને નમન કરવા કહયું, ગોપીચન્દે ગુરૂનો પ્રભાવ નજરે જોયો હતો, કાનીપા જોગીના આ હુકમથી થરથરવા લાગ્યો પણ અંતે હીમત રાખી નમ્યો, ફરી કાનીપાએ કહ્યું "મહારાજ! ગોપીચંદ નમન કરતા હય!" ગુરૂએ જાણ્યું કે ત્રણ ત્રણ વખત "જલ જાઓ" કહેવા છતાં નવા ગોપીચંદ કયાંથી પેદા થાય છે, ગુરૂ પોતાના ચેલાની કળા પામી ગયા અને તેથી રાજા ગોપીચંદ ઉપરનો ક્રોધ પોતાના ચેલા કાનીપા ઉપર ઉતાર્યો અને કહ્યું "ગોપીચંદ સીદ્ધ ઓગ કાનીપા રદ" આવા ગુરૂના શ્રાપથી યોગી કાનીપો જે સિદ્ધિને પામ્યો હતો તે સર્વ રદ ગયુ. ધરમ કરતાં ધાડ થઈ પડી અન્તે ગુરૂ આગળ ઘણી ગીરીયાઝારી કરી અને માફી માંગી. ગુરૂ પોતાના પ્રિય ચેલા ઉપર પ્રસન થયા અને અન્તે જણાવ્યુ કે "આખર વખતમાં તારો ઉધાર થશે." આ પ્રમાણે હકીકત અન્ય પુસતકો અને કથામાં મળી આવે છે. તે ઉધાર પીર હસન કબીરદીનથી થાય છે જેની હકીકત આ પુસતકમાં આપવામાં આવીછે.

પીર હસન કબીરદીનનો જનમ સંવત ૧૩૮૬માં ઉચમાં થયો હતો અને ૧૧૯ વરસની લાંબી વય ભોગવી ઇસમાઈલી દીનની ઉતમોત્તમ સેવા બજાવી સંવત ૧૫૦૫માં વફાત પામ્યા, તેમની કબર અને દરગાહ પંજાબમાં ભાવલપુર નજીક "ઓજ શરીફ" નામે કસ્બામાં આવેલી છે.

# પીર હસન કબીરદીન
અને
# કાનીપા જોગીનો
# સંવાદ.

**ગુર હસન કબીરદીન જન્મ સંવત ૧૩૮૬, વફાત સંવત ૧૫૦૫**
**ઉમર વરસ ૧૧૯.**

જ્યારે નાથ જાલીન્દરે કાનીપાને શ્રાપ આપ્યો ને કહ્યું જે ગોપીચંદ સીધ ને કાનીપા રદ, ત્યારે કાનીપાએ અતિશે ગીરીયા કીધી જે–" ગુરૂજી, મારા જીવનો ઉદ્ધાર કેમ થાશે? ત્યારે નાથ જાલીન્દરે કહ્યું જે;–

જ્યારે અવલ આખરકા ગુર હોએગા, સતગુર પીર સદરદીન
ગુર હસન કબીરદીન;
જહાં છુટણાં હોએગા, તેરા હો તેરા. ૧૧૨

"હે કાનીપા, પીર સદરદીન ગુર હસન કબીરદીનનો જન્મ ઉંચમાંહે થાશે, ને તે થકી તારી મુક્તિ થાશે, તારો રથ જમીનથી સવા ગજ ઉંચો થાને અધર ચાલે છે તે જેને જોઇને તારો રથ પડી જાશે તે થકી તારી મુક્તિ થાશે. હો કાનીપા!"

ગુર પીર હસન કબીરદીનનો જન્મ સંવત (૧૩૮૬) માં થયો ને જ્યારે ગુર હસન કબીરદીન નવ વરસના થયા ત્યારે કાનીપો પણ પોતાના ગુરૂના શબ્દ પ્રમાણે શોધ કરવા નીકળ્યો હતો, ને જ્યારે ઉંચ નગરીમાં આવ્યો ત્યારે ગુર હસન કબીરદીન બાળક રૂપે સામા મળ્યા, તેને જોતાંજ કાનીપાનો રથ જે અધર ચાલતો હતો તે જમીન પર પડી ગયો, ત્યારે કાનીપાને નીશ્ચય થયો જે

મારા ગુરૂનું વચન સીધ થયું ને આ સીધ પુરૂષથી મારા જીવની મુક્તિ થાશેજ. ને ગુર હસન કબીરદીનને જોતાંજ સાષ્ટાંગ નમસ્કાર કરતા બોલ્યો જે,—

ઉહંગ નમો ગુર શબ્દ હે, આદ અંતકો વેશ;
દંડવત ચીતસે કરૂં, મુખસે કહું આદેશ. હો પીરા.

ત્યારે ગુર હસન કબીરદીન બોલ્યા, ઓ જોગી !

આદેશ આદેશ તો આગું હોતા, જબ થા ફરસુરામ;
એ વેવાર દુવાપરસે ગયા, અબ કહો પુરા સલામ. હો જોગી.

કાનીપા—આપ કોન હે ?

ગુરૂ—" હમ રામચંદ્રજીકા સેવક હું, ઓર નરીંજન નીરાકાર,
જો સષ્ટીકા આધાર, જીને વેદ બનાયા ચાર,
વો સાહેબકું નમસ્કાર કરૂં, જીને લીયે દસ અવતાર. " હો જોગી.

કાનીપા—આપકો દસ અવતારકી માલુમ હે ?

ગુરૂ—હા.

કાનીપા—ઉસકે નામ કયા હે ?

ગુરૂ—૧ મછા અવતાર, ૨ કોરભ અવતાર, ૩ વારા અવતાર, ૪ નરસીંહ અવતાર, ૫ વામન અવતાર, ૬ પરસરામ અવતાર, ૭ રામચંદ્રજી અવતાર, ૮ કીરશનજી અવતાર, ૯ બુધ અવતાર ઓર ૧૦ શ્રી નકલંકી અવતાર. એસે પ્રભુકે દસ અવતારકે પાસ રહે કર હમ સેવા કરતે ચલે આતે હે.

કાનીપા—મછા અવતારમેં કયા હુઆ ?

ગુરૂ—સંખાસુર દઈતને બ્રહમાજીકે વેદ છીન લેકે સાગરમે છુપ રહા, તબ બ્રહમાને ભગવાનકા જાપ કીયા. ભગવાનને મછા અવતાર ધરકે સંખાસુરકા વધ કીયા ફેર ચારો વેદ બ્રહમાજીકે સ્વાધીન કીયા. મછા અવતાર ખલાસ હુઆ.

કાનીપા—કોરભ અવતારમે પ્રભુકી કેસી સેવા કીયે ?

ગુરૂ—સમુદ્રમેંસે ચઉદા રતન નીકાલનેકે બાસ્તે મેરૂ પરબતકા રવાઇયા ઓર સેસ નાગકી દોરી કરકે દેવ ઓર દાનવકે યોગસે મથન કરને લગે, મથન કરતે કરતે મેરૂકે યોગસે પૃથવી પાતાલમે જાને લગી, તબ સબ દેવોને ભગવાનકા સમરણ કીયા ઉસ બખત ભગવાનને કોરભ અવતાર ધારણ કરકે મેરૂકે નીચે પીઠકા ટેકા

કીયા ઓર મથન હોત લગી, વઈસાહી સ્થીર રખકે સબ દુખ અપને સહન કીયા. પીછે સમુદ્રમેંસે ચઉદા રતન નીકાલે તબ ભગવાનને અપના અવતાર ખલાસ કીયા. વહાં પ્રભુકે પાસ રહે કર હમ સેવા કરતે ચલે આયે હે.

કાનીપા—આપ ચઉદા રતનકા નામ જાનતે હો?

ગુરૂ—હા, સુનો. ૧ લક્ષ્મી, ૨ કોસ્તુભ મણી, ૩ શંખ, ૪ ધનુષ્ય, ૫ કલ્પવૃક્ષ ૬ કામધેનુગાઈ, ૭ સરગકી અપસરા, ૮ અઈરાવત હાથી, ૯ ધનવંત્રી વઇદ, ૧૦ સાત મુંહકા ઘોડા, ૧૧ વિખ, ૧૨ ચંદ્ર, ૧૩ સુરા, ૧૪ અમૃત એ ચઉદ રતન ભયા. હો જોગી.

કાનીપા—આપ વરાહ અવતારમેં કેસી સેવા કીયે?

ગુરૂ—મોર નામકે રાક્ષસને જબરજસ્તીસે સારી દુનિયાકો દુખ દીયા, ઓર ઈન્દ્રકોભી એસા દુખ દીયા કે ઈન્દ્ર પણ આપકે આસન પરસે ભાગ ગયા, પીછે યે રાક્ષસને પૃથ્વીકો અપને બગલમેં ડાલકે ભાગને લગા, ઉસ બખત સબ દેવોકો એસા ઘભરાટ હોને લગા કે વો સબને ભગવાનકી સ્તુતી કીયા. ભગવાનને વરાહ અવતાર લીયા ઓર રાક્ષસકે બગલમેંસે પૃથ્વી છોડાકે અપની દાઢ પર લીયા, ઓર લડાઈ કરકે મોર દાઇતકો માર ડાલા, ઉધર હમ પાસ રહે કર ભગવાનકી સેવા કરતે ચલે આયે હે, વરાહ અવતાર ખલાસ હુઆ.

કાનીપા—આપ નરસીંહ અવતારમેં કેસી સેવા કીયે?

ગુરૂ—પાંચ બરસકા પહેલાજ બેટા તન મનસે ભગવાનકે ચરણપર લપટા, નીરંતર નારાયણકા નામ જપતા રહા, ઉસકા બાપ હરણાકંસ થા વો બોલા બેટા તું જો નામકા ઉચ્ચાર કરતા હે ઓ છોડ દેના.

પહેલાજ બોલા મેરા જીવ જાય તો અચ્છા પણ યે નામ કભી છોડનેકા નહી, ઉસ બાસતે બાપને પહેલાજકો બહોત દુખ દીયા. તૃપ્ત તેલકે કડાઇમે ડાલ દીયા ઓર હાથીકે પાંવકે નીચે દબા દીયા ઓર પાનીમે ડાલ દીયા ઓર અગનીમે ડાલ દીયા ઓર ઉંચે પરબતસે ડાલ દીયા ઓર બહોત અગનીસે થંભકો તપા કર બાથ ભીડવાઇ. ઈતનેહી દુખસે પહેલાજ જીતા રહા. ફેર હરણાકંસ બોલા બેટા, તેરા સાંઈ કીધર હય?

પહેલાજ બોલા મેરા સાંઇ યેહી થંભમે હે.

એસા સુનકે હરણાકંસકો બહોત ગુસ્સા [ક્રોધ] ચડા, તબ ઉન જાકે થંભ પર લાત મારી તબ દયાસાગર મહારાજ પહેલાજકા બચન સત કરનેકે બાસ્તે વો

થંભમેસે બડા ગડગડાટ કરકે શ્રી નરસંગ રૂપ ધારણ કીયા ઓર હરણાકંસકે સાથ યુદ્ધ કરકે ઉસકા સંહાર કીયા ઓર પહેલાજકો રાજકે ઉપર સ્થાપન કીયા. ફીર નરસીંહ અવતાર ખલાસ કીયા. હમ વહાંકી સેવા કરકે ચલે આયે હે.

કાનીપા—આપ વામન અવતારમેં કેસી સેવા કીયે ?

ગુરૂ—ભગવાનને વામન અવતાર લેકે જહાં બળીકા યજ્ઞ થા વહાં ગયા ઓર બળીકો કહેને લગા સાડે તીન કદમ જમીન મુજે દાન દેના. બળીને ઉસકા બચન દીયા. તબ ભગવાનને તીન કદમ ત્રીભુવન કીયા ઓર બળીકો પુછને લગા, આધા કદમ કહાં ધરૂં ? તબ બળી ચીન્તાતુર ભયા ઓર આધા કદમ સીર પર રખને કહા. મહારાજને કદમકે જોરસે બળીકો પાતાલમે ડાલ દીયા, વામન અવતાર ખલાસ કીયા. વહાંકી સેવા કરકે હમ ચલે આયે હે.

કાનીપા—પરશુરામ અવતારમેં આપને કેસી સેવા કીયે ?

ગુરૂ—ભગવાનજીને જવલગણ [જમદગની] કે ઘર પરશુરામ અવતાર લીયા. પીતાકે હુકમસે રેણુકા [ રણુકાવતી ] માતાકા સીર ઉડાયા, ફીર સહેસ્રા અરજુનકા વધ કરકે એકવીસ બખત ક્ષત્રીયોંકા વધ કીયા. ફીર રામ અવતાર હો રહા, તબ રેસરામ અવતાર ખલાસ હુઆ, વહાંકી સેવા કરકે હમ ચલે આયે હુંય.

કાનીપા—આપ રામચંદ્ર અવતારમે કેસી સેવા કીયે ?

ગુરૂ—રાવણ, કુમ્ભકરણાદી મીલકે તેત્રીસ કોટી [કરોડ] દેવોંકો બંધમે ડાલે ઉસ બખત તેત્રીસ કોટી દેવને પ્રભુકા જાપ કીયા ઓર બ્રહમાજી ઓર દેવ લોક મીલકર બીનતી કીયા કે;—

અવની દુખી દુખ સબ દેહા, લોકપાલ દુખ પાવે હો;
રાવણ, કુમ્ભકરણાદી, સંતનકો દુખ દેવે હો.

તબ વીશ્નુ મહારાજને બોલા કે;—

જાઓ કપી ધરો તુમ દેહા, તુમ પીછે હમ આવું હો,
દુઆપુર મેટ કરૂ જુગ ત્રેતા, લીખીયા ફેર લીખાવુ હો.

ફેર દશરથકે ઘર પ્રભુને અવતાર ધારણ કરકે રાવણ આદીકા સંહાર કરકે તેત્રીસ કોટી દેવતાકે બંધ મુકત કીયે ઓર ભભીક્ષણકો રાજ દે કર અજોધામે આ કર અગ્યારા બરસ રાજ કીયા. પીછે રામા અવતાર ખલાસ હુઆ તબ ઉસકી સેવા કરકે હમ ચલે આયે.

કાનીપા—આપ કીરસનજીકે અવતારમેં કેસી સેવા કીયે ?

ગુરૂ—કીરસનજીકે અવતારમે એસી સેવા કી હે, ભગવાનને અવતાર લીયા કીરસનજીકા, પ્રાણ લીયા કંસ, ચાંદુણુમલ ઓર કેસી દઈતકા, ઓર પુતના રાક્ષસીકા. બંધ તોડા વાસુદેવ દેવકીકા. ઉગ્રસેનકો રાજ દે કે દુવારકા નગર બસાયા, ફેર છપન કોટી જાદવોકા મીલાપ કરકે રાજ ધરમકો દીયા તબ રૂસી શ્રાપ ભયા યદુવંશકો. યાદવ ગયે નીજ ધામકું તબ કીરસનજીકા અવતાર ખલાસ હુઆ, વહાંભી સેવા કરકે હમ ચલે આયે.

કાનીપા—આપને બુધા અવતારમેં કેસી સેવા કીયે ?

ગુરૂ—ભગવાન બુધા અવતાર લેકે કલજુગમે અધરમી ઓર અસત્યવાદીકા નાશ કીયા, બુધાઅવતાર ખલાસ હુઆ વહાંભી હમ સેવા કરકે ચલે આયે.

કાનીપા—નકલંકી અવતારમેં આપને કેસી સેવા કીયે ?

ગુરૂ—નકલંકી અવતાર મવલા મુરતજા અલી મકકે શરીફમે જનમ લીયે ઉનુકે પીતાકા નામ અબીતાલબ ઓર માતાકા નામ [જલેખાં] ફાતેમા બીનતે અસદ, ઉનુંને બહોત કાફરોકો મારકે આપના દીન રોશન કીયા વે આગલ કીનકા બીચાર નહી સુનેગા ઓર સબ ભ્રષ્ટકાર હો જાએગા, ઓર સબ દુષ્ટોંકો સંહારકે ફીર શીવ ધરમ સ્થાપન કરેગા ઉસ બખતભી હમ પાસ રહે કર સેવા કીયા.

કાનીપા—ગુરૂજી આપકો ભગવાન ઉસકા એવજ દેગા.

ગુરૂ—એવજ કયા હે ?

કાનીપા—રીદ્ધી.

ગુરૂ—રીદ્ધીકો તો હમ જાનતે નહી.

કાનીપા—સીદ્ધી ?

ગુરૂ—સીદ્ધી કો તો હમ પીછાનતે નહી.

કાનીપા—મુકિત ?

ગુરૂ—રીદ્ધી સીદ્ધી ઓર મુકિત યે દાસી હમારે પાસ સેવા કરતે હે.

કાનીપા—અટલ પદ ?

ગુરૂ—અટલ પદકો હમ તુછ માનતે હે, દેવ ઉદાર હોકે બડબડેકો દીયે હયે.

કાનીપા—કોન કોનકુ દીયે હય?

ગુરૂ—ધ્રુવકો.

કાનીપા—ધ્રુવને ભગવાનકી કૈસી ભકિત કી હય?

ગુરૂ—ઉતાનપાત રાજાકા પાંચ બરસકા લડકા ઉને ભગવાનકી તન મનસે ભકિત કી, તબ ભગવાન ઉદાર હો કે ઉસકો અટલ પદ દીયા. યેહ અટલ પદકો હમ તુછ માનતે હે.

કાનીપા—તુમ કોન દેશકે રહેવાશી?

ગુરૂ—હમ તો અનત દેશકે રહેવાશી. જહાં બ્રહ્મકા બેલ, દીપક લગાયા બીન બતી તેલ, એસે હમ સીરજન પુરકે રહેવાશી.

કાનીપા—જબ તુમારા નામ?

ગુરૂ—હમારા નામ ન ઠામ અજર હમારા નામ.

કાનીપા—તુમ કબ મરોગે?

ગુરૂ—જબ રામ મરે તબ હમ મરે, મરેના હમારી બલાઇ, હમતો અવીનાશી જગત હમારા ગુલામ, હમ વઇકુંઠ કરૂં મુકામ.

કાનીપા—જુગકી બડી બડી બાત કરતે હે લેકીન ઉમર છોટી દેખનેમે આતી હે.

ગુરૂ—જો પુછે સો બાવરા, કેતી ઉમર હમારી, હમતો માહા સુખમે રેતે ચાર જુગ ખેલતે કેતે પરમાત્મા ભયે ઓર પરલોકસે ધીયાય. ઉઠ [સાડાત્રણ] કોટી વીશ્નુ ભયે દસ કોટી કનઇયા, સત કોટી શંભુ ભયે તબ હમારી એક પલઇયા. દેવતોકી તો ગણતી નહિ તો સેસ્ટી કોન બીચારી. એસે હમ રામચંદ્રજી મહારાજકે જુગ જુગકે સેવક હે.

કાનીપા—જુગ તો કીતને હે?

ગુરૂ—જુગ તો ચાર હે.

કાનીપા—કોન કોનસે?

ગુરૂ—કરતા, ત્રેતા, દુવાપુર, કલજુગ. એસે ચાર જુગ હમારે સામને હો ગયે.

કાનીપા—તુમ કોનસે જુગમે કોન કોન થે?

ગુરૂ—કરતા જુગમે બ્રહ્મા, ત્રેતા જુગમે વસીષ્ઠજી, દુવાપુર જુગમે વેદ વ્યાસજી, કલજુગમે નબી મહમદ મુસ્તફા.

કાનીપા—ભલા ભગવાનને દસ અવતાર કાયકે વાસ્તે લીયે ઓર ઉનકી કોનસી ન્યાતી થી?

ગુરુ—દો જલચર, દો વનચર, દો વીપ્ર, દો રાજવંશ ઓર દો મીલછ અવતાર લીયા, અમરૂસીકે કાજ ભગવાનકે અવતારકી એસી ન્યાતી ભઈ.

કાનીપા—કરતા જુગ કેતા ઓર ઉસમે અવતાર કેતે ભયે?

ગુરુ—કરતા જુગ સત્રા લાખ અઠયાવીસ હજાર ઓર ઉસમે મછા, કોરભ, વરાહ, નરસીંહ. એસે ચાર અવતાર દેવકે હો ગયે.

કાનીપા—ત્રેતા જુગ કેતા ઓર ઉસમે દેવકે અવતાર કેતે?

ગુરૂ—ત્રેતા જુગ બાર લાખ છન્નું હજાર ઓર ઉસમે વામન, ફરસરામ, રામચંદ્રજી. એસે દેવકે અવતાર તીન ભયે.

કાનીપા—દુવાપુર જુગ કેતા ઓર ઉસમે દેવકે અવતાર કેતે ભયે?

ગુરૂ—દુવાપુર જુગ આઠ લાખ ચોસઠ હજાર ઓર ઉસમે કરસનજી ઓર બુધ. એસે દેવકે અવતાર દો ભયે.

કાનીપા—કલજુગ કેતા ઓર ઉસમે દેવકે અવતાર કેતે ભયે?

ગુરૂ—કલજુગ ચાર લાખ બત્રીસ હજાર ઓર ઉસમે નકલંકી એસા દેવકે અવતાર એક ભયા. એસે ચાર જુગ ઓર દસ અવતાર તો હમારે સામને હો ગયે. ચાર જુગ હજાર બખત જાએગે તબ બ્રહ્માકા એક દીન, એસે બ્રહ્માકે હજાર દીન જાએગે તબ વીશ્નુકા એક દીન, એસે વીશ્નુકે હજાર દીન જાએગે તબ મહાદેવકા એક દીન, એસે મહાદેવકે હજાર દીન જાએગે તબ મેરી પલઈયાં. એસે હમ અવીનાશી પુરકે રાજાકે જુગાજુગકે સેવક હે.

કાનીપા—જુગકી બાતાં કહેતે પણ ઉમ્મર છોટી દીખતી હે.

ગુરૂ—કેતી ઉમ્મર હમારી હમ તો માહાસુખમે ખેલત ચાર જુગમે, કોટી કોટી વીશ્નુ ભયે, દસ કોટી કનઈયા, સત કોટી શંભુ ભયે ઓર દેવતોંકી તો ગીણતી નહી તબ સેસ્ટી કોન બીચારી. એસે હમ ભગવાનકે સેવક હે એ જોગી! હમ જાતકુ નરજી શ્રીએ સલામશાહા સતગુરકા અલકાબ દીયા પણ પરખ કરની નરજી આપકે હાથ રખા હે. હમારે બાવાકો નરજીને ચાર અલકાબ પરખસે દીયા સોબી હમેશાં રૂદન કરતા થા.

કાનીપા—ગુરૂજી આપકે બાવાકો કેસે કેસે અલકાબ મીલે ?

ગુરૂ—સુનો જોગી, સતગુર પીર સદરદીન બાવા હમારા ઓર અલકાબ સુનો.

પહેલા અલકાબ—સદરદીનકા મીઠા ઉસકા મીસાલ યે હે જો દીનકા જીવ.

દુસરા અલકાબ—સોહદેવકા ઉસકા મીસાલ યે હે જો સબ દેવોકા દેવ.

તીસરા અલકાબ—બાર ગુરકા ઉસકા મીસાલ યે હે જો બાર કરોડકા ગુર.

ચોથા અલકાબ—હરીચંદકા ઉસકા મીસાલ યે હે જો ખુદાકી રોશની સામે ખુદાકો જાહેર કરનેવાલા, બતાનેવાલા, એસી તરેહ હમારે બાવાકો નરજીને ચાર અલકાબ દીયા હે. એ જોગી! નવનાથ ઓર ચોરાસી સીધકી મુકિત હમારેસે હોગી પન્થ સબકા હે, વડસાહી પન્થ હમારા સબકે આલા હે.

કાનીપા—ગુરૂજી કેસા પન્થ આપકા હે ?

ગુરૂ—એ જોગી સુનો.

એજી પંથી સો પંથી હો મોરા શાહા સબજુગ પંથીજી,
યા શાહા હમબી પંથ પંથીડાજી. ૧

લોહા પાણીજી મોરા શાહા પથર પાણીજી,
યા શાહા પાણી તે તાંબા સારજી. ૨

લખ ચોરાશી પાણી હો મોરા શાહા જીવા જોડ પાણીજી,
યા શાહા પાણી તે ભાર અઢારજી. ૩

એજી સપ્ત પયાળ હો મોરા શાહા ગગન મંડળજી,
યા શાહા નવે ખન્ડે આશા તમારીજી. ૪

એજી જોગી સોહં હો મોરા શાહા જુગાજુગ જોગીજી,
યા શાહા અવરસો મુંદ્રા ધારીજી. ૫

એજી કાંય તમે જોગી હો ભાઇ તમે મુંડ મુંડાયાજી;
તમે મન ન મુંડાયા મેરે ભાઇજી. ૬

એજી મન ન મુંડાયા હો જોગી જેસી ગાડર મુંડીજી,
એ મન ન મુંડાયા તે ભેસ્તે કીયુંકર પહોંચેજી. ૭

એજી તેરી કનકી મુંદ્રા હો જોગી પવનસું ડોલેજી,
મેરે મનકી મુંદ્રા સારીજી. ૮

એજી મન મેરી મુંદ્રા હો કે તન સરોવર કાયાજી,
એ તો સતકી ભભુત ચડાવોજી. ૯

એજી કાચી તેરા ઠાયા હો જોગી સો પવન આધારીજી,
જેસી નીર ભરી કાચી પારીજી. ૧૦

એજી વણસે પારી હો મેરા ભાઇ ઢળ ગયા નીરજી,
એ કાચી કાયા કામ ન આવેજી. ૧૧

એજી જટા મુગટ હો ભાઇ મેરે હરસું ન ફુટેજી,
હરસું ન ફુટે તો કાયા પવન ન ડોલેજી. ૧૨

એજી નવે અવતારે હો મેરે શાહા નવ કાડવ છેદયાજી,
આજ દશમે કાલીંગાની વારીજી. ૧૩

એજી કરો અસવારી હો મેરા શાહા અસુર સંધારોજી,
એ લો કહે ગુર હરિચંદ્ર વાચા પાળોજી. ૧૪

એજી વાચા તમે પાળો હો મેરા શાહા કોલ સંભારોજી,
તમે કોલ સંભારો મેરે સાંહયાજી. ૧૫

આયો મેરે મુમન હો સબ મીલી શાહાકો સેવોજી,
આ દુનીયા પાખંડ બાજીજી. ૧૬

એજી અમરાપુરીમાંહે જાઈ તમે પાસા ઢાલોજી,
ત્યાં એસે મોમન સાચાજી. ૧૭

એજી ગનાન માહારસ હો ખુશ પીર ગુફતે હસન શાહા,
મેરે સાહેબકા દર સાચાજી મેરે અલીકા દર સાચાજી. ૧૮

એ જોગી એક ચીતસે ગીનાન સુના હો કાનીપા ?

કાનીપા—ગુરૂજી મહારાજ આપકો કુછ સવાલ પુછનેકી ઇચ્છા હે સો કૃપા કરકે કહેના.

ગુરૂ—એ કાનીપા પુછો.

જોગી—આશા ન છોડું મેં લેવું ન જાઉં;
કહે કૈસા અભદુત મેરા નામો. હો પીરા. ૧

ગુરૂ—આયા બી છોડો સત લેબુ બી જાઉ,
કહે મેરા સતગુર બીચારે કરી ખાવરે, જોગી. ૨

જોગી—છોતી કહે મેં જુગકી રાણી છોતીકી છોત ઉતારે પાણી,
પાણીકી છોત ઉતારે પવન પણ જીવકી છોત ઉતારે કોણ. હો પીરા. ૩

ગુરૂ—કાયા કુપલી મન કસતુરી અને ગીનાન જીવકી જોતી,
જીસ ઘટમાંહે અલ્લાહ નબી બસે તીસે કયુંકર લાગે છોતી. હો જોગી. ૪

જોગી—કોણસો પીંડત કોણસો પીંડતમ કીસ સીરકે ઈન્ડ
કયા મીલી નીવાલા ખાયે કીસ કરણિયે અમરાપુરી જાય. હો પીરા. ૫

ગુરૂ—મનવા હમારા પંડીત કહીયે કાયા હમારી ઈન્ડ,
હમશ્રીએ સલામ શાહાકે ઈન્ડ ગતમાં મીલી વીચારી ખાય,
ઈસ કરણિયે અમરાપુરી જાએ. હો જોગી. ૬

જોગી—કોણ તમારી જનોઇ કહીયે કોણ તમારી ધોતી,
કોણ તમારા શબ્દ કહિયે કોણ તમારી પોથી. હો પીરા. ૭

ગુરૂ—અગમ હમારી જનોઇ કહિયે નીગમ હમારી ધોતી,
અખંડ હમારા શબ્દ કહિયે કાયા હમારી પોથી, હો જોગી. ૮

જોગી—કોણસો નગર કોણસો થાન, કોણ લોક વસે પ્રધાન,
કોણ રાજા કોણ મેતા, કહો કહો ઇસ નગરીકી વાચા. હો પીરા, ૯

ગુરૂ—કાયા નગરી નવસર થાન, માંહે પાંચ લોક વસે પ્રધાન,
હંસ રાજા પવન મેતા, દીયો ઇસ નગરીકી વાચા. હો જોગી. ૧૦

જોગી—કોણ જાગે કોણ સોવે, કોણ દો દિસ ધ્યાવે,
પંચાણુ કેરા કોણ ગુરૂ, સો કોણ મારગ લાવે, હો પીરા. ૧૧

ગુરૂ—હંસ જાગે પીંડ સોવે, માયા દો દીસ ધ્યાવે,
પંચાણુકા ગીનાન ગુરૂ, સો ગીનાન મારગ લાવે. હો જોગી. ૧૨

જોગી—ચાર જુગકા કોણ તીરથ, અને કોણ તીરથ મોમના,
ચલતી નદી તો કોણ તીરથ, કોણ તીરથ ખટ દરશણા. હો પીરા. ૧૩

ગુરૂ—ચાર જુગકા મમ તીરથ, ગીનાન તીરથ મોમના.
ચલતી નદી અંદર તીરથ, સતપંથ તીરથ ખટ દરશણા. હો જોગી. ૧૪

જોગી—કેતા બરસ મેગ જલ બરસે કઉ ગગન અંતર તારે. ૧૫

ગુરૂ—છતરીસે બરસની મેગ જલ બરસેં, દોઈ ગગન અંતર તારે,
મન પરબોધી લે સાધુ અલ કુલ તારના આગુ આગુ હોતે,
પરે પરે હોતે જયારે સાદ નહી શબ્દ નહી અહુંકાર નહી,
ધુંધુકાર કહે પીર હસન કબીર દીનરે જોગી. ૧૬

ઓ જોગી, મનકુ પરબોધ દેણાં યેહ મુકિતકા મારગ હે સુનો?

## ગીનાન.

અબદુ મન જીતે મન ઇચ્છા ફળ ઉપજે, અને તન જીતે ઉછરંગ,
હરદે જીતે આનંદ ઉપજે, ઇસ બીધ જોગ પચંધ. અબદુ ૧

અબદુ કામ કરોધ જબ જીતે જોગી. સત પવીત્ર તબ હોઇ,
ચીત જીતે ચંદા હોવે નીરમલા, નીરમલ સાધુ સોહી. અબદુ ૨

અબદુ રસના પુછંત કંથના અમૃત, અને ગનાન પુરુષકુ બીનમ,
આકાશ રાજા ધ્યાન સીંગાસણ તો આદ પુરુષકો બીનમ, અબદુ ૩

અબદુ કાયા કામની અંછા દેવિ અને ચકતન પુરુષ અસ્થાનમ,
કરોધ અહંકાર કટકકા રાજા, તિસકા સુરત નીરત પરધાનમ. અબદુ ૪

અબદુ નામ પાતાલ સીર ઉપર નીરમલા કરમ પુરસ સીંગાસણ એહ,
જો જોગ જુગત હોઈ બસ્ત સાંહીયાં તો કરણા કરણી કરતવ સારમ. અબદુ ૫

અબદુ આશા મારો ચીંતા જારો અને હું ખુદી કરો રસોઈ;
આસણ જીતો નીંદરા જીતો કીલતાર કરે સાં હોઇ. અબદુ ૬

અબદુ જો ગુર મલે તો અરથ બતાવે અને મટે ચીંતકા સંસા,
જળ બીના કમલ ન ફુલે તાકો મુરખ જાણે હાંસા. અબદુ ૭

અબદુ ગુર મલે તો પરછે સાધુ ગુર બીના બાટ ન પાવે,
ગીનાન મંડલમાં જલમલ દીવો દીસે સો ગુર બીના હાથ ન આવે. અબદુ ૮

અબદુ રહેણ અંધેરી સાથી વેરી અને અવઘડ ઘાટ ગુંધારા,
બીન અંગુવે કીયું મારગ પાવે તાકી ચીન્તા કરો સવેરા. અબદુ ૯

અબદુ સતગુર પારસ સાધુ ત્રાંબા ભેટે તો સોવન હોઇ,
જીયુ જલ મીન આપ પ્રકાશે તીયું માંજે દરશન સોઇ. અબદુ ૧૦

અબદુ નીરમલ મંઢી સુતગુરકા દુવાશ અને દયા પુરૂષકા વાસા,
હરદે કુમ્ભ પવન ઘટ શોધો તો અલખ પુરૂષકી આશા. અબદુ ૧૧

અબદુ સંકટ ઘાટ અંદર લસ ઘાટી જીયાં સુધ મારગ ન પાવે,
ત્યાં વાહાના રથ સીંગાસણ રાજા તાંસુ નીત ઉઠ આવે જાવે. અબદુ ૧૨

અબદુ બીરખ બીના ફુલે ફુલવાડી અને બીન મુખ નાદ બજાવે,
બીન રસના ગુણ ગાવે હરકા સો બીન પગ આવે જાવે. અબદુ ૧૩

અબદુ હરદે બેઠ ચેતન બંદગી રાવલ હે મતવાલા,
ઇંગલા પીંગલા સુખમણા દાસી સતગુરકી એસી બાલી. અબદુ ૧૪

અબદુ હીર પરછે તીયું તનકો સોધો અને કહયા ગુરકા કીજે,
એગા બીજા મારગ જોવે તીયું હંસા ગવન કરીજે. અબદુ ૧૫

અબદુ હંસ પુરૂપ જબ સનમુખ આવે તબ કાયા નીરમલ હોઇ,
કરો ધ્યાન એ અંગ બજુતા તો મધુસુધન પાવે કોઇ. અબદુ ૧૬

અબદુ નાદ બંધ દોઇ ભછમ ગુરકે અતે ચીત સત દોઇ સાથી,
નવસા પરછો બેલ ગુરૂસું ગીનાન ધીયાન દોઇ હાથી. અબદુ ૧૭

અબદુ જાગે સો જો રસમે પાકે અને સોયા તીને રસ ખોયા,
સોચે પંથ ન કરે ગુંથાયા મુરખ સાવે રહા સોયા. અબદુ ૧૮

અબદુ ઘટમાંહે રીદ્ધ સીદ્ધ હે અને ઘટમાંહે અનહદ ચાલા,
ઘટમાંહે બાગ લગાયા બાબુ ઘટમાંહે સીંચણહારા. અબદુ ૧૯

અબદુ ઘટમાંહે નવ ખંડ પૃથવી અને ઘટમાંહે હે કઇલાસા,
ઘટમાંહે સાત સમુદ્રકા વાસા ગુર બીના જાય પીયાસા. અબદુ ૨૦

અબદુ ગુર વચને ઘટ સોધન કરીજે તો ગુર નર દરશન પાયા,
કહે પીર સદરદીન સુણો ગતીયું લોકાં તેણે આવાગમણ છોડાયા. અબદુ ૨૧

એ જોગીઓકો ઇસ તરેહસે રહેના ચાહીયે, સુનો.

દોહરો.

ફાકા ફીરાક ઉદાસ દીલ, આસણ દ્રઢ ગંભીર,
ફીકર ફાડ કફની કરે, વહાંકા નામ ફકીર.

એ જોગી જો ભીક્ષા માંગણેકી તરતીબ યે હે સુનો.

## ગીનાન.

અબદુ જુગત જોલ સંતોક પાત્ર કરો, અને દંડા કરો બીચાર;
ખમીયા દયાકી દોઈ મુંદ્રા પેરો, ગીનાન કરજો આહાર,
અબદુ તે જોગી જુગમાંય જાકો મન દુજારે નાય.
અબદુ તે જોગી જુગમાંય. ૧

અબદુ ગુર મેરા ગનાન, વેરાગકી ઈન્દ્રી અને સંગમ કરો ભભુતા,
સાચ ધરમ સાચ કરી ધ્યાવો, તો જોગી હે અબધુતા.
અબદુ તે જોગી. ૨

અબદુ ચાંદો સુરજ દોઈ રોકી રાખો, અને મન ચીત ધરો દસ દંડી,
સુખમણાં તંતી વાજણ લાગી, એ ભેદ કીસેજ ખંડી.
અબદુ તે જોગી. ૩

અબદુ સબ અવગુણ તજો ત્રવેણી નાહો, અને અનહદ નાદ બજાવો,
કહે પીર હસન કબીરદીન જીવત મરીયે, તો અવરથ જનમ ન પાવો.
અબદુ તે જોગી. ૪

એટલા ઉપદેશના ગીનાન સાંભળીને કાનીપા વીનતિ કરીને કહે છે:—

કાનીપા—ગુરૂજી, આપકે પરતાપસે હમકો મુક્તિપદકા મારગ મીલા, ઓર ધન બલહારી ગુરૂ નાથ જાલીન્દરજીકી કે જીનકે પરતાપસે આપકા દરશન ભયા, ઓર આપને કીરપા કરકે મુક્તિપદકા ગીનાન દીયા. આપકો અનેક બીધીસે નમસકાર કરતા હું.

હવે કાનીપા ત્યાંથી નમસકાર કરીને પોતાને વતન જવા નીકળ્યો.

# કાનીપા જોગી અને ગોરખનો સંવાદ.

[ પીર હસન કબીરદીન તથા કાનીપો મળ્યા તે પહેલાંની હકીકત નીચે મુજબ છે;— ]

જોગી કાનીપો પોતાના ગુરૂની શોધમાં અને જોગી ગોરખ પોતાના ગુરૂને શોધવા નીકળેલા એ પ્રમાણે ફરતાં ફરતાં બંને જણા એક જગાએ ભેટી ગયા. ત્યારે—

ગોરખ—સાંઇ આદેસ આદેસ.

કાનીપા—આદેસ સાંઇ આદેસ.

ગોરખ—સાંઈ આપકી મુલાકાત હોનેસે નીહાયત દિલ ખુશ હુઆ, આપકો એક બાત પુછતાં હું, સાંઇ જવાબ દેણાં ?

કાનીપા—અચ્છા પુછો.

ગોરખ—કોન ગુરૂ હે તમારા ? કીયું કર જંગલકા થાર ? કોન તિરથ ફીર ફીર આયે ? ગુરૂ નાથકો કહાં છોડ દીયા ? કીયા નામ તુમારા કહેના ? કોન પંથકી બતાના ?

કાનીપા—સુનો સાંઇ ? ગુરૂનાથ જાલીન્દર હમારા, ઉસકો ઢુંઢત બરસ બારા, બહોત તીરથ ફીર ફીર આયે, ગુરૂ જંગલમે છોડ દીયે, નામ હમારા કાનીપા કહેત હે, ઓર મચ્છ પન્થ હમારા, આપકી બાત એભી સુનને ચાહતા હું.

ગોરખ—અચ્છા સુનો સાંઈ, નાથ હમારા ગુરૂ મછંદરનાથ, ઇનોકે બારા બરસ મેં ઢુંઢતા હું. ઉસકા પતા લગતા નહી, હમ પંથકે જોગી ઓર હમારા નામ ગોરખ કહેતે હે.

કાનીપા—સાંઇ આપ કહાં ચલે ?

ગોરખ—મેં અપને ગુરૂકો ઢુંઢનેકો જાતા હું, સાંઇ તુમ કીધર ચલે ?

કાનીપા—મેં ભી અપને ગુરૂકો ઢુંઢતા હું, સાંઈ તુમારે ગુરૂ તો સીંહલદ્વીપમે ત્રીયારાજમે વીલાસ કર રહે હે, ઓર સબજોગ ડુબા દીયા હે, તુમારે આંગમે કરામત હોએગી તો ઉસકો ઢુંઢ આઓગે.

ગોરખ—સાંઈ કાનીપાજી, તુમારે ગુરૂકો ગોઉડ બંગાલેકા રાજા ગોપીચંદને કુપકે અંદર ડાલ દીયા હે, ઓર રોજ રોજ નવલાખ ઘોડેકી લીદ ઉપર ફેંક દેતા હે, તો તુમ જાકે તાકત હોય તો છુડાવ.

કાનીપા—અચ્છા મેં અભી અપને ગુરૂકો લે આતા હું.

ગોરખ—મેં બી અપને ગુરૂકો છુડાનેકો જાતા હું.

એ મુજબ એક બીજાના ગુરૂ બાબતના મેણાં ટેણામાં વાત વધી પડતા કાનીપા જોગીએ ગોરખને કહયું;—"તુમ સીધ હો તો અભી આંબકા ઝાડ લગા દો."

ગોરખ—હમ આંબકા ઝાડ લગાઉ પણ તુમ ઉસમે આંબ લગા દેના.

કાનીપા—મેં આંબ લગા દઉ લેકીન તુમ આંબકો નીચે ઉતાર દેના.

ગોરખ—મેં આંબકો નીચે ઉતાર દુગા તો તુમકો પીછે આંબ ચડાને પડેગા.

ગોરખ—મેં સીદ્ધ હું તો આંબકા ઝાડ લગ જાના. [ એટલે આંબાનું ઝાડ ઉગે છે. ]

કાનીપા—મેં સીદ્ધ હું તો ઉસમે આંબ લગ જાના, [ તો આંબા ફળે છે. ]

ગોરખ—આંબ ઉતર જાવ. [ તો આંબા જમીનપર આવી પડે છે. ]

કાનીપા—આંબ પીછે લગ જાવ. [ તો આંબા પાછા ઝાડ ઉપર ચડી જાય છે. ]

## જતી ગોરખ પોતાના ગુરૂને છોડાવે છે !

પછી એક બીજાને આદેશ કરીને ગોરખ સીંહલદ્વીપ યાને ત્રીયા રાજમાં જવા નીકળે છે, મારગમાં જતાં વીચાર કરે છે જે ત્રીયા રાજમાં જવાની રજા નહી હોય ને મારે કેવી રીતે ત્યાં જવું, એવા વીચારમાં ચાલે છે તો મારગમાં ઢોલકી અને સારંગીવાળા મળ્યા તેને ગોરખ પુછે છે જે આપ કહાં ચલે ?

પેલાઓએ કહયું જે હમ તો સીંહલદ્વીપજે જાતે હય.

ગોરખ—હમકો સાથ લે જાઓગે ?

તેઓએ કહ્યું જે આપકો કુચ્છ ગાના બજાના આતા હય ?

ગોરખે કહ્યું જે ગાને બજાનેમે મેં બહોત હુશીઆર હું, અને તેઓને ગાઇ બજાડી દેખાડે છે, ત્યારે તેઓ સાંભળતાંજ ઘણા ખુશી થઇને ગોરખને ઢોલકી બંધાવી પોતાની સાથે લીધો અને ગામ તરફ ચાલ્યા.

હવે મછંદ્રનાથ ત્રીયારાણી પદમણી જે મઇલા નામે હતી તેને કહે છે જે હમારા ચેલા ગાંઉમે આતા હય.

ત્યારે પદમણી કહે છે જે આપકે ચેલેકા કયા આશરા હય જો અપને ગાંવમે આવે, મેંને તો બારા ગાંઉમે ચોકી બીઠાઇ હય હવે જયારે ગોરખ ગામમાં પ્રવેશ થયો ત્યારે મછંદ્રનાથે ગણીને કહ્યું જે ચેલા ગાંઉમે પ્રવેશ હોયા.

ગોરખે તો મહેલ પાસે આવતાં પોકાર મારી જે,—

"ચેત મછંદર ગોરખ આયા" અને ત્યાં મહેલ પાસે ઉભો રહીને ગોરખ સારંગીમાં ગીનાન બોલે છે.

ગીનાન પહેલું.

એજી જીસરે બુંબે તેરી કાયા સરજીરે અબદુ,
સોહિ બુંબ કેમ કરિ રાડોજી,
જાગો જુગેસર જાગો મોરા ભાઇજી,
જાગતડા મત ભુલો મેરે ભાઇજી. જાગો. ૧

એજી અલખ નરીંજન જયારે લેખાં માંગશેરે અબદુ,
તે પુછે આપ આપકી કમાઇજી, જાગો. ૨

એજી રખીસર હોઇને કલસ કુંભ થપાવરે અબદુ,
ને કુંજર મેદ જગન ફલ લેશોજી. જાગો. ૩

એજી રખીસર હોઇને ગત ગંગામાં આવેરે અબદુ,
તે અશ્વ મેદ જગન ફળ લેશોજી. જાગો. ૪

એજી રખીસર હોઇને ધરમ કીરીયા પાળેરે અબદુ,
તે ગઉ મેદ જગન ફળ લેશોજી. જાગો. ૫

એજી નર ને નારી બેઉ સાથ કેવાસેરે અબદુ,
તે અસ્વ મેદ જગન ફળ લેશેજી, જાગો, ૬

એજી નર ને નારી બે ઠુંઠ કેવાશેરે અબદુ,
ને પીલાસે લોહા કેરી ઘાણીજી. જાગો. ૭

એજી એક ન ભુલ્યા અબદુ દોઈ ન ભુલ્યા અબદુ;
ભુલ્યો ભુલ્યો સઘલો સંસારજી. જાગો. ૮

એજી સતગુર પ્રસાદે જતી ગોરખ ન ભુલારે અબદુ,
નાથ મછંદરજીકા ચેલાજી. જાગો, ૯

---

## ગીનાન બીજું.

---

એજી સતગુર પ્રસાદે શાહા મોરે હાથ પગ સરજારે અબદુ,
સોહી ગુર કેમ વિસારોજી. ૧

એજી શંખાને નાદે તો બહુ રસ વહી ગયારે અબદુ,
તેણે જપ તપ સરવેઇ ખોયાજી. ૨

એજી છડયાબી છડયા નાથ મછન્દર અબદુ,
ચલતી પુતલીયે સબ જુગ છળીયા. ૩

એજી હાડકી કડીયે જેમ શીયાળ વરોધ્યા અબદુ,
તે મનમાંહે અતી રળીયાજી. ૪

એજી બીલ સુખ કારણ તેરી કાયા વટલાણી અબદુ.
દુખ દાયલા મેર સમાનજી, ૫

એજી સાંવલડી નારી ઘણી સુંદર દેખીરે અબદુ,
તેણે કઈ કઈ નાથ ભુલાણાજી. ૬

એજી બાઠ પડયા તેરા સુકા ટુકડારે અબદુ,
બાઠ પડયા હેઠ સોણાજી. ૭

એજી ભઠ પડયા તેરા વજર કછોટા અબદુ,
ભઠ પડી સો તેરી કંથાજી. ૮

એજી ભઠ પડયા તેરા ભભુત ભુંસણારે અબદુ,
ભઠ પડી કાનકી મુંદ્રાજી. ૯

એજી ભઠ પડી તેરી ખપર જોલીરે અબદુ,
ભઠ પડયા હાથકા દંડાજી. ૧૦

એજી સાર જમંતાને સેજે પોઢંતા અબદુ,
એણી પેરે કોઇ ન તરયાજી. ૧૧

એજી કહે મછંદર સુણો ગોરખ ભાઇ અબદુ,
એવડી સુધ તમે કયાંથી પાઇજી. ૧૨

એજી ભુખ ગમાઈ મેંતો ત્રસના છીપાઇ ગુરજી,
નયણે તે નીદ્રા ન આણીજી. ૧૩

એજી એક ન ભુલ્યા અબદુ દોઇ ન ભુલા અબદુ,
ભુલો ભુલો સઘલો સંસારજી. ૧૪

એજી સતગુર પ્રસાદે જતી ગોરખ ન ભુલ્યારે અબદુ,
નાથ મછંદરજીકા ચેલાજી. ૧૫

ગીનાન પુરા થતાં ગુરૂએ ગોરખને ઉપર તેડાવ્યો ને ત્યાં રાણી પદમણી ને ગોરખને ઘણા સવાલ જવાબ થયા, પણ પદમણી હારી ગઇ ને મછંદ્રનાથને મીંનનાથ નામે છોકરો નાનો હતો તેણે જરા મસો કરતાં પદમણીયે ગોરખને કહયું જે ઇસકો ધુલા ડાલો, ત્યારે ગોરખે પથરાપર પછાડીને બીચારાને બરાબર કરી મુકયો યાને મારિ નાંખ્યો ને પાછો આવ્યો ત્યારે રાણીએ પુછયું જે— બેટા કીધર હે?

ગોરખે કહયું જે મેને ધુલા ડાલા વો ઉધર પડા હે.

જ્યાં પદમણી જુવે તો મરેલો પડયો છે ત્યારે રૂદન કરવા લાગી ને કહયું જે આપકા ચેલા એસા કેસા જે લડકેકો માર ડાલા એ સાંભળતાં ગુરૂ પણ દિલગીર થઇ રડવા લાગ્યો.

ત્યારે ગોરખ કહેછે ગુરૂજી ક્યું રહતે હો, આપતો સીધ પુરૂષ હો, પૈ લડકેકો જીતા કરો.

ત્યારે બીચારા ગુરૂયે ઘણી મહેનત કીધી પણ છોકરો ઉઠયો નહી કારણકે ત્રીયા રાજમાં લપટાયાથી ક્રિયા ઓછી થઇ ગઈ હતી.

પછે ગોરખે પોતાના સતને આધારે છોકરાને ઉઠાડયો કારણ કે જતી તો ઘણા હતા, લક્ષમણ જતિ તથા બીજા પણ ઘણા હતા પણ તેઓ દુનીયા માંહે લપટાઈ ગયા હતા પણ ગોરખ તો દુનીયા યાને સંસાર ત્યાગી હતો, કારણ કે:—

એક જીરે ભાઇરે ઇશ્વર આદમ ગોરખ ચેલા ગુરૂ રૂડા તારણહાર.

(ગીનાન)

[અર્થ]—સમાધિ એટલે ધ્યાનમાં આદમ [મહાદેવ] જેવા કોઈ નહી અને ગોરખ જેવો ચેલો કોઈ નહી તે આદ ગુરૂ જેવો તારણ કરનાર કોઈ નહી.

પછે ગોરખ પોતાના ગુરૂને લઇને જંગલમાં ફરવા ચાલ્યો, આગળ ચાલતાં એક દરખ્તને બાથ નાખીને કહેવા લાગ્યો જે ગુરૂજી ઝાડને પકડા હે.

ગુરૂ—દરખ્ત ક્યા પકડતા હે જોર કરકે છોડ દો.

ગોરખ—દરખ્ત નહી છોડતા હે ક્યા કરૂં બહોત જોર કરતા હું.

ગુરૂ—હાથ ચવડે કરો તો દરખત છુટ જાએગા.

ગોરખે કહયું જે તુમ ઇસ રાજસે હાથ ચવડે કરકે છોડકે મેરે સાથ ચલો. પછે ગુરૂ ને ચેલા બેઉએ ચાલવાનો વીચાર કીધો.. મછન્દરનાથે ત્યારે વીચારયું જે રસતામાં શું ખાશું, માટે એક સોનાની ઇંટ લઈ ને ઝોળીમાં નાખીને ગોરખને અપાવીને ત્યાંથી ચાલ્યા થોડેક ગયા ત્યારે—

ગુરૂ ચેલાને પુછે છે જે બેટા ઇશ્વર કુછ ભય હય?

ત્યારે ગોરખે વીચાર્યું જે જોઉં તો ખરો ઝોળીમાં કાંઇ છે? જ્યાં જુવે છે તો એક સોનાની ઇંટ છે ત્યારે તે ઇંટ આગળ ચાલતાં કુવામાં હલવેથી ઉતારી દીધિ. આગળ ચાલ્યા ત્યારે ગુરૂએ ફરીથી પુછયું જે બેટા ઇશ્વર કુછ ભય હે?

ગોરખ—ગુરૂજી ભય થા સો કુવેમે ડાલ દીયા.

ગુરૂજી વીચારમાં પડયા ત્યારે—

ચેલો—ગુરૂજી કયા બીચારમે હો ?

ગુરૂજી—પેલી ઇંટ કીધર હય !

ગોરખ—એક મોટા પથરા પર પેશાબ કરતાં પેલો પથરો સોનાનો થઈ ગયો ને ગુરૂને કહે છે જે ગુરૂજી ઉઠાવ જીતના ચાહીયે. જુઓ સીદ્ધ પુરૂષના પરાક્રમ અને મોજેજા.

પછે ગુરૂ ચેલો ત્યાંથી પોતાને વતન સીધાવ્યા ત્યાં યોગ સાધના મછંદરનાથે શરૂ કરી પોતાની ચીત વૃતીને વશ કીધી ત્યારે માયાની જાલમાંથી છુટા થયો

સમાપ્ત.